# શ્રી એચ.એ. શાહ, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ,

## અરજી (ઈ.એસ.આઈ.) નં.૧૨/૨૦૨૪

યશ રોડ લાઈન્સ,
રહે. બી/૨૨૨, શ્રીજી રો–હાઉસ,
વાવ ગામ, તા.કામરેજ,
જી. સુરત. ... ... ... **અરજદાર**

**વિરૂધ્ધ**

(૧) ડેપ્યુટી ડાયરેકટર,
(૨) રીકવરી ઓફીસર,
એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન,
ઠે. ઈ.એસ.આઈ. હોસ્પિટલ કેમ્પસ,
સીવીલ ચાર રસ્તા, રીંગ રોડ,
સુરત. ... ... ... **સામાવાળા**

**વિષય : આંક–૮ ની અરજીનો હુકમ**

અરજદાર તરફેની હાલની અરજી ઈ.એસ.આઈ. કોર્પોરેશનની ન્યુ એમ્નેસ્ટી સ્કીમ–૨૦૨૫ અંતર્ગત કોર્ટ બહાર સમાધાન કરવા માટે પરવાનગી મેળવવા માટેની છે. ઈ.એસ.આઈ. કોર્પોરેશન ધ્વારા ઈ.એસ.આઈ. એકટ હેઠળના રાજય વિમા અદાલત સમક્ષના પડતર કેસોમાં પતાવટ કરવા અંગે ન્યુ એમ્નેસ્ટી સ્કીમ–૨૦૨૫ અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં આ સ્કીમ હેઠળ કોર્ટ બહાર પતાવટ કરવા માટે અરજદાર સંસ્થાએ રાજય વિમા અદાલતની પરવાનગી મેળવવાની શરત મુકવામાં આવેલ છે. આ કામના અરજદાર આ સ્કીમનો લાભ મેળવવા માંગતા હોઈ આ સ્કીમ હેઠળ કોર્ટ બહાર પતાવટ કરવા પરવાનગી મેળવવા

માંગણી કરેલ છે. વૈકલ્પિક વિવાદ નિવારણ સંબંધી કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં, આ કામના અરજદારની અરજીમાં માંગ્યા મુજબની પરવાનગી આપવી યોગ્ય, જરૂરી અને ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

આ કામના અરજદારને ન્યુ એમ્નેસ્ટી સ્કીમ-૨૦૨૫ હેઠળ આ કામની કોર્ટ બહાર પતાવટ કરવા પરવાનગી આપવામાં આવે છે.

આજ તા.૧૮/૧૧/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ કરવામાં આવ્યો.

**સ્થળ : સુરત.**
**તારીખ : ૧૮/૧૧/૨૦૨૫.**

**(એચ.એ. શાહ)**
**જી.જે. ૦૦૫૫૦**
**સભ્ય,**
**ઔધોગિક અદાલત,**
**સુરત.**